**ગુજરાત યુનિવર્સિટી**
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૯
ગુજરાત, ઇન્ડિયા
ફેક્સ:(૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન:૨૬૩૦૧૩૪૧-૦૩૪૨-૦૩૪૩-૦૧૨૬

NAAC Grade A+

**GUJARAT UNIVERSITY**
Office of the Gujarat University,
Post Box No. 4010, Navrangpura,
Ahmedabad-380009
Gujarat, India
www.gujaratuniversity.ac.in
Fax:(079) 26302654
Telephone:26301341-0342-0343-0126

નં.આર/૭૮૬૭/૨૦૨૫ તારીખ: ૦૭/૦૮/૨૦૨૫

પ્રતિ,

ગુજરાત યુનિવર્સિટી સ્પોર્ટ્સ સંકુલના તમામ વપરાશકર્તા તરફ...

વિષય: ગુજરાત યુનિવર્સિટીના સરદાર પટેલ સ્પોર્ટ્સ સંકુલમાં આવેલ વિવિધ રમતગમતના મેદાનો ઉપયોગકર્તા માટેનું સ્પષ્ટીકરણ.

સંદર્ભ: નં.આર/૧૬૫૭૬/૨૦૨૫ તા.૧૪/૦૨/૨૦૨૫.

શ્રીમાન,

આથી આજ્ઞાનુસાર જણાવવાનું કે ગુજરાત યુનિવર્સિટી દ્વારા સંચાલિત ગુજરાત યુનિવર્સિટીના સરદાર પટેલ સ્પોર્ટ્સ સંકુલમાં આવેલ વિવિધ રમતગમતના મેદાનો જેવા કે ટેનીસ, બેડમિન્ટન, એથલેટીક્સ, રાયફલ, સ્વીમીંગ, જીમ્નેશીયમ વગેરેના વપરાશ સંદર્ભે કોઈપણ વ્યક્તિએ ફી ગુજરાત યુનિવર્સિટીના સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા, ગુજરાત યુનિવર્સિટી બ્રાંચના એકાઉન્ટ નં.૧૦૨૯૮૭૭૬૨૬૧માં જ જમા કરાવવાની રહેશે તથા ફી જમા કરાવેલ વ્યક્તિઓનું લીસ્ટ ઇન્ચાર્જ ડાયરેક્ટરશ્રી ફિઝિકલ એજ્યુકેશન, ગુજરાત યુનિવર્સિટી તેમજ ઇન્ચાર્જ એન્જિનિયરશ્રી એસ્ટેટ વિભાગ, ગુજરાત યુનિવર્સિટીને નિયમિત જમા કરી જાણ કરવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે ગુજરાત યુનિવર્સિટી દ્વારા કોઈપણ પ્રકારની સ્પોર્ટ્સને લગતી સભ્યપદ ફી, લાઈફ મેમ્બરશીપ ફી જેવી અન્ય કોઈપણ પ્રકારની ફી ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી નથી તથા તે અંગેની કોઈ પણ પ્રકારની જાહેરાતો ગેરમાર્ગે દોરનારી હોઈ તેનાથી દૂર રહેવું જેને તદ્દન સત્યથી વેગળી તેમજ પાયા વિહોણી ગણવી. અન્ય કોઈપણ વ્યક્તિ કે સંસ્થાને આ પ્રકારની ફી આપવી નહિ જે આથી ગુજરાત યુનિવર્સિટી સ્પોર્ટ્સ સંકુલના તમામ વપરાશકર્તાને જાણ સારૂ.

આભાર સહ...

કા. કુલસચિવ